# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. પર તા.૨૯-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બૂથ લેવલ અધિકારીઓને "SAT-COM" મારફત તાલીમ આપવા બાબત.
સંદર્ભ :- એસએસએ/મકમ/૧૯/૨૯૭૮૪-૮૬૫ તા.૨૯-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના સંદર્ભિત પત્રમાં જણાવ્યા અનુસાર તા.૧-૧-૨૦૨૦ની લાયકાતની તારીખના સંદર્ભે ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કામગીરી સાથે Electors Verification Programme શરૂ કરવાનો છે. જેમાં BLO ની મહત્વની ભૂમિકા રહેલી છે. Electors Verification Programme કાર્યક્રમ તા.૧-૯-૨૦૧૯થી શરૂ થતો હોય, કામગીરી શરૂ થાય તે પહેલાં ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીશ્રીઓને તાલીમ આપવાની ચૂંટણી પંચે સૂચના આપેલ છે.

આથી તમામ બૂથ લેવલ ઓફિસરને BISAG દ્વારા SAT-COM મારફતે બ્લોક રિસોર્સ સેન્ટર (બીઆરસી) ખાતે એક સાથે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. તાલીમની તારીખ અને સમય નીચે પ્રમાણે નિયત કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| તારીખ | ૩૦-૦૮-૨૦૧૯ (શુક્રવાર) |
| સમય | ૧૬:૩૦ થી ૧૮:૦૦ સુધી |
| સ્થળ | બ્લોક રિસોર્સ સેન્ટર (બીઆરસી) |

સદર તાલીમમાં શાળાઓના તમામ શિક્ષકોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૯-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

૨૧૭૯૪-૯૫


સત્યમેવ જયતે

**પી. ભારતી,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**નં. એસએસએ/મકમ/૧૯/**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**તા. ૨૯.૦૮.૨૦૧૯**
ફોન નંબર: (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com


પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા. તમામ

જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : બૂથ લેવલ અધિકારીઓને "SAT-COM" મારફત તાલીમ આપવા બાબત.**
**સંદર્ભ: ચિફ ઈલેકટ્રોલ ઓફિસર ઓફિસના તા.૨૭.૮.૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃ ઈએલસી/૧૦૨૦૧૯–૧૩૭૬–છ (તાલીમ)**

ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા મુજબ તા.૧.૧.૨૦૨૦ ની લાયકાતની તારીખના સંદર્ભેમાં ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કામગીરી સાથે Electors Verifiction Programme શરૂ કરવાનો છે. જેમાં BLO ની મહત્વની ભૂમિકા રહેલી છે. Electors Verifiction Programme કાર્યક્રમ તા.૧.૯.૨૦૧૯ થી શરૂ થતો હોય, કામગીરી શરૂ થાય તે પહેલા ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીશ્રીઓને તાલીમ આપવાની ચૂંટણી પંચે સૂચના આપેલ છે.

મતદારયાદી સુધારણાની સમગ્ર કામગીરીમાં બૂથ લેવલ ઓફિસરની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે. સામાન્ય રીતે બુથ લેવલ ઓફિસર તરીકે શિક્ષકોની સંખ્યા સવિશેષ છે આ સંજોગોમાં બૂથ લેવલ ઓફિસરની સંખ્યા તેમજ સર્વેને મત વિભાગકક્ષાએ/જિલ્લાકક્ષાએ તાલીમ આપવા માટે ઘણો સમય પસાર થાય અને જેના પરિણામે તેમના શૈક્ષણિક કાર્યને અસર થવાનો સંભવ છે. આથી તમામ બૂથ લેવલ ઓફિસરને ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટયુટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ ઈન્ફોમેટ્રીકસ (BISAG) ધ્વારા Satellite Communication (SAT-COM) મારફતે રાજયમાં આવેલ તમામ બ્લોક રિસોર્સ સેન્ટર (બીઆરસી) ખાતે એક સાથે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમની તારીખ અને સમય નીચે પ્રમાણે નિયત કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| તારીખ | ૩૦.૦૮.૨૦૧૯ (શુક્રવાર) |
| સમય | ૧૬:૩૦ થી ૧૮:૦૦ સુધી |
| સ્થળ | બ્લોક રિસોર્સ સેન્ટર (બીઆરસી) |

ઉપર મુજબની વિગતે, સદર તાલીમ અંગેની જાણકારી તેમજ સદર તાલીમમાં આપની તાબા હેઠળની શાળાઓના શિક્ષકો ઉપસ્થિત રહે તે માટે જરૂરી સૂચના આપની કક્ષાએથી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં સદર તાલીમ માટે આપના હસ્તક આવેલ તમામ બ્લોક રિસોર્સ સેન્ટર (બીઆરસી) ખાતે યોગ્ય વ્યવસ્થા કરવા જરૂરી સૂચનાઓ આપશો. તથા તા.૩૦.૮.૨૦૧૯ ના રોજ ૧૬:૩૦ થી ૧૮:૦૦ દરમ્યાન "GSWAN" કનેકટીવીટી દરેક બ્લોક રિસોર્સ સેન્ટર (બીઆરસી) ખાતે ઉપલબ્ધ રહે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

P. B

(પી.ભારતી)

**નકલ સવિનય જાણ અર્થે રવાના :**

– માન.સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ચિફ ઈલેકટ્રોલ ઓફિસર, ગુજરાત રાજય, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭/૨, સચિવાલય, ગાંધીનગર

E:\D\DPEO\letter.doc